R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction (મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

ESTD.YEAR- 23•ISSUE: 13 DATE: 30-03-2019•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ? હા( )ના( )

If undelivered pl.return to સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

## અમેરિકામાં વસતા હજારો ભારતીય ટેકનોક્રેટસ માટે કપરો સમય,સ્વદેશ પરત ફરવા મજબુર બનશે : ટ્રમ્પ વહીવટીતંત્રએ નીતિ બદલતાં ભારતીયો માટે મુશ્કેલી વધી

અમેરિકામાં વસતાં હજારો ભારતીય ટેકનોક્રેટ્સ માટે હાલ મુશ્કેલીભર્યા દિવસો ચાલી રહ્યા છે. અમેરિકી સરકારે તેમના વિઝાની મુદ્દત લંબાવવાનો ઈન્કાર કરી દેતા તેમને ભારત પરત ફરવા ફરજ પડી શકે છે. અમેરિકનોને વધુ પ્રમાણમાં નોકરી મળે તેવા હેતુથી નીતિમાં ફેરફાર કરાતાં આ સ્થિતિ ઊભી થઈ છે.આમાંથી કેટલાક ટેકનોક્રેટસ હજુ પણ નવા એચ-૧બી વીઝા ફાઈલ કરવાના મામલે ઘર્ષણ કરી રહ્યા છે.હવે અનેક આઈટી નિષ્ણાંતો પાસે સ્વદેશ ફરવા સિવાય કોઈ વિકલ્પ બચતો નથી. અનેક અરજીઓના સીધા ઈન્કારમાં વધારા ઊપરાંત પુરાવા માટેની વિનંતીની સંખ્યામાં પણ તીવ્ર વધારો થયો છે. અમેરિકી સત્તાવાળાઓ નોટિસના સ્વરુપમાં વિઝાના અરજદારો પાસેથી વધુ માહિતી અને દસ્તાવેજો માંગે છે. આને કારણે વિઝાની પ્રક્રિયામાં વિલંબ થતો હોય એવું નથી પરંતુ કંપનીઓના ખર્ચમાં પણ વધારો થાય છે. નવ મહિના અગાઉ ભારત પ રત આવેલા એક એન્જીનીયરે જણાવ્યુ હતું કે અમેરિકામાં જન્મેલા બાળક સાથે શિફ્ટ થવું પડકારજનક છે.

જો કે આ અઠવાડિયે જ યુએસસીઆઈએસે કહ્યુ હતું કે તે એચ -૧બી વિઝા, ભારતીય આઈટી કંપનીઓની પ્રીમીયમ પ્રોસેસિંગને ચાલુ રાખશે તેમજ ભારતીય આઈટી કંપનીઓ હજુ પણ વિઝાના એક્સ્ટેન્શનના મામલે મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે.ઉદ્યોગના



નિષ્ણાતોનું કહેવું છે કે વિઝા પ્રોસેસ કડક બનાવવાનું પગલું મુખ્યત્વે અમેરિકનો માટે વધુ નોકરી મેળવવાની દિશામાં ધ્યાન રાખવા માટે લેવાયું છે.

## ભાજપના સાંસદ સુબ્રમણ્યમ સ્વામીએ વડાપ્રધાનનું ચોકીદાર અભિયાનને ફગાવ્યું : “હું બ્રાહ્મણ છું, ચોકીદાર નહીંજ બનું”

લોકસભાની ચુંટણી પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મૈ ભી ચોકીદાર અભિયાનની શરુઆત કરી હતી અને દેશમાં અનેક લોકો અને તેમના પક્ષના કાર્યકરો તેમાં જોડાઈ ગયા હતા પણભાજપના સાંસદ સુબ્રમણયમ સ્વામીએ પોતાની પાર્ટીની સરકાર પર નિશાન તાક્યું હતું.ને મોદીના અભિયાનથી દુર રહેવાનું પસંદ કર્યુ હતું. સુબ્રમણમય સ્વામી દ્વારા અપાયેલું નિવેદન સોશયલ મીડીયામાં ટ્રેન્ડ કરી રહ્યું છે. હું બ્રાહ્મણ પરિવાર સાથે સબંધ ધરાવું છું એટલા માટે મે મારા નામની સાથે ચોકીદાર લખ્યું નથી.મારો ચોકીદાર મારા આદેશ અનુસાર કામ કરે છે.એવામાં હુ મારા નામની સાથે ચોકીદાર કેવી રીતે લખાવી શકું.

અહીંયા નોધવું રહ્યું કે વડાપ્રધાન મોદીએ દેશભરમાં હું પણ ચોકીદાર અભિયાન શરુ કર્યું છે આ અભિયાન અંતગર્ત ભાજપના નેતાઓ,અમિત શાહ, અરુણ જેટલી,સુષમા સ્વરાજ અને સ્મૃતિ ઈરાની સહિત તમામ ભાજપના નેતાઓએ પોતાના ટ્વીટર એકાઉન્ટ પર પોતાના નામની આગળ ચોકીદાર શબ્દ લગાવ્યો હતો. એવામાં સુબ્રમણયમ સ્વામીએ આ અભિયાનમાં સામેલ નહીં થવાનું નક્કી કર્યું છે. જે દર્શાવે છે કે એ ભાજપ વિરુધ્ધ બગાવત કરી શકે છે.

## તામિલનાડુના ૧૧૧ ખેડુતો વારાણસીમાં વડાપ્રધાન મોદી સામે ચુંટણી જંગમાં ઝંપલાવશે

તામિલનાડુના હતાહત ખેડુતોએ વડાપ્રધાન મોદી સામે ચુંટણી જંગમાં ઝંપલાવવાનું નક્કી કર્યું છે.૧૧૧ ખેડુતો તેમની સામે ઉમેદવારી કરવા માંગે છે. પોતાની માંગણીના ટેકામાં રાજધાની દિલ્હીમાં વિરોધ પ્રદર્શનો યોજ્યા બાદ તામિલનાડુના ખેડુતો ચુંટણીની લડાઈમાં ઝુકાવવા તૈયાર થયા છે.

વારાણસી જ્યાંથી વડાપ્રધાન મોદી ચુંટણી લડનાર છે ત્યાં લોકસભાની બેઠક પરથી ૧૧૧ ખેડુતો પોતાની ઉમેદવારી નોધવાશે.તામિલનાડુના ખેડુતોના નેતા પી. અયાકન્નુએ આ વાતને સમર્થન આપ્યું હતું.તેમણે કહ્યુ હતું કે તે ભાજપ તેના ચુંટણી ઢંઢેરામાં ખેત પેદાશોને નફાકારક ભાવ આપવા સહિતની તેમની માંગણીઓને આવરી લે તે માટે વિનંતી કરવા યુપીની ચુંટણીમાંથી ઝંપલાવવાનો નિર્ણય કરાયો છે.

૨૦૧૭માં દિલ્હીમાં ૧૦૦ દિવસ સુદી આંદોલન કરનાર ખેડુતોની જવાબદારી ઉઠાવનાર ખેડુત નેતાએ કહ્યુ હતું કે જે દિવસે તે ઢંઢેરામાં સામેલ કરે તે દિવસે અમે મોદી સામેની લડાઈ પડતી મુકી દઈશું. જો તેમ નહીં કરાય તો અમે મોદી સામે ચુંટણી લડીશું.તેમના ચુંટણી લડવાના નિર્ણયને તમામ ખેડુતો અને ઓલ ઈન્ડીયા કિસાન સંઘર્ષ કોર્ડિનેશન કમિટીનું સમર્થન છે.જો કે તેઓ મોદી વિરુધ્ધ નથી.સત્તા પર આવ્યા બાદ મોદીએ અમને આપેલા વચનો પુરા કર્યા નથી.અમારી આવક બમણી કરી દેવાની ખાતરી આપી હતી.

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ પોતાના પક્ષના નામ તુલમુલ કોગ્રેસ માં બદલાવ કર્યો છે. પોતાના પક્ષના ચિહ્નમાંથી કોગ્રેસનું નામ સત્તાવાર રીતે હટાવી દીધું છે.કોગ્રેસ પાર્ટી સાથે ૨૧ વર્ષ અગાઉ છેડો ફાડ્યો હતો.પાર્ટીના નવા લોગોમાં લીલા રંગમાં તુણમુલ લખેલું છે.અને તેમાં બ્લ્યુ કલરમાં બેકગ્રાઉન્ડમાં બે ફુલો જોવા મળે છે.



**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬

## વડાપ્રધાન મોદી,નાણામંત્રી અરુણ જેટલીને અર્થતંત્રમાં ખબર જ પડતી નથી : સુબ્રમણ્યમ સ્વામી : ભાજપ સાંસદ



લોકસભાની ટિકીટ વહેચણીના માહોલમાં ભાજપ સાંસદ સુબ્રમણયમ સ્વામીએ એક વિવાદાસ્પદ નિવેદન કર્યુ છે. વડાપ્રધાન મોદી કે નાણાંમંત્રી અરુણ જેટલી અર્થશાસ્ત્ર જાણતા નથી તેમ કહીને તેમણે કદાચ વિવાદ ઉભો કર્યો હશે.પરંતુ તેમના દાવા પ્રમાણે ભારત વિશ્વનું ત્રીજા ક્રમનું સૌથી મોટુ અર્થતંત્ર બની ગયું છે.તેમ કહીને તેમણે આડકતરી રીતે પ્રશંશા કરી છે.તેમણે દાવો કર્યો છે કે વડાપ્રધાન મોદી કે નાણાંમંત્રી અરુણ જેટલી અર્થશાસ્ત્ર જાણતા નતી એટલે જ તેઓ ભારતને વિશ્વના પાંચમાં ક્રમના સૌથી મોટા અર્થતંત્ર તરીકે લેખાવી રહ્યા છે. જ્યારે હાલમાં ભારત ત્રીજા ક્રમનું સૌથી મોટું અર્થતંત્ર છે.

સ્વામીએ આશ્ચર્ય વ્યક્ત કરતાં કહ્યુ કે મને નથી સમજાતું કે વડાપ્રધાન બારતને વિશ્વના પાંચમાં ક્રમનું અર્થતંત્ર કેમ ગણાવી રહ્યા છે જ્યારે જીડીપીની ગણતરી માટે વિજ્ઞાની ઢબે માન્ય પ્રક્રિયા મુજબ ભારતીય અર્થતંત્ર અમેરિકા અને ચીન પછી વિશ્વનું ત્રીજા ક્રમનું મોટું અર્થતંત્ર છે.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**
**http://jagadishchristian.com**
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

ચુંટણીના પડઘમ વાગ્યા અને વચનોની લહાણીઓ વહેચાવા લાગી.સહુ કોઇ પોતાના તરફ મતદાતાને આર્કષવા માટે જુદા જુદા પ્રયત્નો તરકીબો અને જાદુઇ માયાજાળ ફેલાવતા થઇ ગયા છે. આઝાદ થયો ત્યારથી દેશ ગરીબીના ભરડામાં જકડાયેલ છે તેમાં કોઇ બે મત નથી. આઝાદી બાત ગરીબી નાબુદી માટે જેટલા નાણાં પંચવર્ષીય યોજનામાં ફાળવવામાં આવ્યા કે વપરાયા તે જો ગરીબોમાં વહેચી દીધા હોય તો પણ આજે દેશના કહેવાતા ગરીબો કદાચ લખપતિ બની ગયા હોત.અમારા વિસ્તારના ઝુપડપટ્ટીમાં વસતા લોકોને સરકારે સારા મકાનો આપ્યા પરંતુ તેઓ સારા મકાનો વેચીને પાછા ઝુંપટપટ્ટીમાં આવી ગયા. બેથી વધુ વખત તેઓ ઝુંપડાના નામે સારા મકાનો ઓળવી ગયા અને હજુ ત્યાંના ત્યાંજ છે. કહેવાનો મતલબ છે કે આપણે ગરીબી નાબુદી માટે જે પ્રયત્નો કર્યા છે તેમાં સફળતા મળી નથી.સહુ પ્રથમ તો આ ગરીબોની ગરીબી નાબુદ કરવા માટે તેમને શિક્ષિત બનાવવા જરુરી છે અને ત્યારબાદ તેમને રોજગારલક્ષી શિક્ષણ મળે માટે તૈયાર કરવા જરુરી છે તો તેમની મીનિમમ આવકમાં વધારો થશે તો તેમની સ્થિતિ બદલાશે.

તાજેતરમાં કોંગ્રેસ પ્રમુખે ગરીબીમાંથી પીછો છોડાવવા માટે ન્યુનતમ આય યોજના જાહેર કરી.લોકસભા પછી તેઓ ચુંટાશે તો આ યોજનાનો અમલ કરશે.દેશના ૨૦ ટકા ગરીબ કુટુંબોને ન્યાય યોજના હેઠળ દર મહિને ઓછામાં ઓછા ૧૨ હજારની આવક મળે તેવી વ્યવસ્થા કરશે.જો કોઇ કુટુંબની આવક ૧૨ હજાર કરતાં ઓછી હશે તો બાકીની રકમ સરકાર તેમાં ઉમેરશે.આ ન્યાય યોજના માટે સરકારને રુ.૩.૬૦ લાખ કરોડનો આર્થિક બોજો પડશે.દર વર્ષે આટલું મોટું ભંડોળ એકત્રિત કરવું પડશે.સરકાર શી રીતે કરશે તે તો જ્યારે વખત આવશે ત્યારે ખબર પડશે.લોકોના ખિસ્સામાં હવે એટલી રકમ રહી નથી કે સરકાર તે ખાલી કરી શકે. તાજેતરની સરકારે બધા નાણાં યેનકેન પ્રકારે પ્રજાની ઝોળીમાંથી સેરવી લીધા છે.સરકાર ખેરાતને બદલે નવી રોજગારીની તકો ઉભી કરીને આ નાણાં મેળવવા માટે પુરુષાર્થ કર્યો હોત તો દેશના વિકાસમાં તે લેખે લાગત. દેશનું યુવાધન અને ગરીબો આળસુ બની જશે પછી વિકાસની ગાડી આગળ કેવી રીતે ચાલશે તે વિચારવાનું રહેશે.

હાલની સરકારે પોતાને સત્તા મળે માટે જુમલાની લ્હાણી કરીને દેશની જનતાને છેતરી હતી. રુ.૧૫ લાખ દરેક નાગરિકના ખાતાંમાં જમા થશે અને વિદેશોની બેન્કોમાં પડી રહેલા ભારતીયોના કાળા નાણાં દેશમાં લાવીને તેનો યોગ્ય અન્ય ઉપયોગ કરાશે. બે કરોડ રોજગારી ઊભી કરાશે વિગરે વિગેરે પણ તે થયું નથી માત્ર તે જુમલા જ રહ્યા.શું આપણે આવી રીતે દરેક ચુંટણીઓમાં છેતરાતા જ રહીશું કે પછી આ છેતરપીડી કરનારાઓને પાઠ ભણાવીશું. દરેક પાર્ટી પોતાને એક તક આપો એટલે પાંચ વર્ષ માટે તમારે જુમલોનો મારો સહન કરવાનો. ખેર,આઝાદી મળ્યા પછી હવે તો મતદારો પુખ્ત બની શકે તેવુ માની શકાય પરંતુ તે ઉપર છલ્લું દેખાય છે.હજુ અંધશ્રધ્ધાળુ ભક્તોએ દેશના અહિતમાં સતત ભકિત ગાન ગાઇને દેશને કોઇ લાભ કરાવ્યો નથી.

હજુ તો વધુ જુમલાઓ આવશે અને દેશના મતદારોને લુભાવશે.ચુંટણી જીતવા માટેના અનેક કાવાદાવાઓની હારમાળા દેશના મતદારો જોશે.હજુ મતદારો દેશના હિતમાં પરિપક્વ થયા નથી કારણકે હજુ પણ અંધશ્રધ્ધામાં આળોટતા લોકો અને ઘેટાજેવા ટોળાઓ પરિપક્વ લોકશાહી લાવી શકશે નહીં.આજ રીતો ચાલશે તો લોકશાહીનું નામોનિશાન મીટી જશે તે ચોક્કસ બાબત છે.

અનુ પાન નં ૪ ઉપરનું ચાલુ

પ્રગતિ કરી કહેવાશે.

આ બધું જોતાં એટલું તો ચોખ્ખું દેખાય છે કે ૨૦૧૪ની ચુંટણીઓ કદાચ વિકાસ અને સુશાસન ના મુદ્દે લડાય. ગરીબીના મુદ્દે નહી, કારણકે નેશનલ સેમ્પલ સર્વેના આંકડા મુજબ છેલ્લા થોડા વર્ષોમાં દેશની ગરીબીમાં ૧૮.૨ ટકા પોઇન્ટમાં ઘટાડો થયો છે.અને લોકોના માથાદીઠ ખર્ચમાં ૨૮ ટકા વૃધ્ધિ થઇ છે.(પરિમલ નથવાણી, રાજ્ય સભાના સાંસદ , સૌ.સંદેશ)



## વિનંતી

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

## કેર કોમ્પ્યુટર સેન્ટર

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઇંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧


# જેને સ્વાર્થ સિવાય કંઇ દેખાતું ન હોય એને સ્વમાન કેવું ?

પોતાનો સ્વાર્થ આવે ત્યાં માણસ બીજું કશું જ જોઇ શકતો નથી.સ્વાર્થ આગળ સૌ આંધળું કહેવાયું છે.તે સાચું છે.આપણે જે અનુમાન કરીએ છીએ એના બે પ્રકાર છે : સ્વાર્થ અને પરાર્થ. જે બીજાનો વિચાર કરે છે,પછી પોતાનો કરે એ પરાર્થ છે. માણસનો સ્વભાવ જ એવો છે કે પ્રથમ પોતાનું પેટ,પછી બીજું બધું.પોતાનો લાભ જતો કરીને બીજાને અપાવવાનો વિચાર માણસ કયારે કરતો નથી.સ્વાર્થ ત્યાગ કરવો એ તો લોઢાના ચણા ચાવવા બરાબર છે.સ્વાર્થ વિના સેવા કરનારા કેટલા ? ગાંધીજીએ કહ્યું છે કે સ્વાર્થ તો સૌમાં ઓછોવત્તો હોય, પણ આપણામાં તે વધારે પ્રમાણમાં જોવા મળે છે.મોટાભાગના લોકો સ્વાર્થપટુ હોય છે.

પોતાનો સ્વાર્થ સાધવામાં ઘણા હોશિયાર હોય છે.સ્વાર્થની બાબતની ચાલાકી પણ તમે જોઇ શકો છો,છતાં એમને કોઇ જ શરમ નડતી નથી.માત્ર ગરજુ,આપમતલબ જ હોય છે એ તો પોતાના સ્વાર્થમાં રચ્યાપચ્યા રહેતા હોય છે.પોતાનું કામ પાર પડે,પોતાને કેવી રીતે મજા આવે અથવા કંઇક વળતર મળે એટલો ઉદેશ એમનો હોય છે.પોતાનું અને બીજાનું હિત પાર પડે એવું નહી,માત્ર મારુ કામ થાય,મને જ લાભ મળે.સાર્વજનિક કામને પોતાના ખાનગી લાભમાં કેવી રીતે ફેરવી નાંખવો એની જ ફિરાકમાં ફરનારા લોકોનો તોટો નથી.માત્ર ને માત્ર પોતાનું અને પોતાના કુટુંબનું ભલુ કરવાની વૃત્તિવાળા લોકોની વણઝાર વધતી જાય છે.રાષ્ટ્ર,રાજ્ય કે ગામ-નગરનું જે થવાનુ હોય તે થાય, મારુ થવું જ જોઇએ. આ પ્રકારની વૃત્તિ આજે બળવત્તર બનતી જા. છે. તકસાધુઓની લાઇન લાગી છે.એના કારણે જ આજે જાહેર જીવનનો ગ્રાફ નિમ્ન સ્તર સુધી આવી ગયો છે.પોતાના જ હિતમાં મગ્ન રહેનારાઓનો તોટો નથી.મારા ઘરનો કચરો પાડોશીના આંગણામાં નાંખતા મને કોઇ સંકોચ થતો નથી.પોતાના સ્વાર્થને કારણે માણસ કોઇપણ પ્રકારનું પાપ કરતાં અચકાતો નથી.સમાજમાં કેટલાક પરોપકારી અને નિઃસ્વાર્થી માણસો હોય છે.પણ એય કેટલા ?આજે તો ચારે બાજુ સ્વાર્થની નદીઓમાં ઘોડાપુર ઊમટ્યા છે.સ્વાર્થના દરિયા ઘુઘવે છે.

જે માણસને કોઇપણ પ્રકારની લાજ નડતી ન હોય, એને બીજી કોઇ પરવા કરવાની હોય ?લાજ વગરના માણસો જ સ્વાર્થ સાધક હોય છે. જેને માત્ર સ્વાર્થ સિવાય કંઇ દેખાતું નથી.એને સ્વમાન કેવું ?જે માણસ સ્વાર્થ સિવાય કશું જ જોઇ શકતો ના હોય, એ માણસ, જ્યારે સ્વાર્થ પુરો થાય ત્યારે તે દુર થઇ જતો હોય છે.સ્વાર્થ તો દુઝણી ગાય જેવો હોય છે.જ્યાં સુધી દુધ મળે ત્યાં સુધી એનું લાલન-પાલન કરવામાં આવે, વસુકી ગયા પછી ધકેલી મુકવાની. કોઇપણ સબંધની પાછળ સ્વાર્થ ઊભો જ હોય છે.સ્વાર્થ વિના પ્રિતિ હોતી નથી.કોઇ સ્વાર્થ વિનાનું હોય એ શક્ય નથી.જેને કશો જ સ્વાર્થ નથી એવો પુરુષ સંત-મહંત હોઇ શકે.આજના બાબાઓ જેવો નહીં.

સામાન્ય માણસ પોતાના સ્વાર્થને સાચવીને પણ પરોપકાર કરતાં રહે છે.જે પોતાના સ્વાર્થ માટે બીજાઓનું કામ બગાડે છે એ મનુષ્યો રાક્ષસ સમાન છે.પણ જે નિરર્થક બીજાઓનું કામ બગાડે છે એને શું કહેવાય, આપણે જાણતા નથી.કેટલાક લોકો એવા હોય છે કે જે કારણ વગર બીજાઓનું બગાડતા હોય છે.એવા લોકો રાક્ષસ કરતાં પણ નિમ્ન કોટિમાં આવે છે.કેટલાક એવા પણ હોય છે કે પોતાના કામના બદલામાં જે કંઇ મેળવવાનું હોય એ મળી ગયા પછી પોતાના હાથ પરનું કામ પુરુ કરતાં નથી.કારણકે પોતાનો સ્વાર્થ પતી ગયો છે.જેને પોતાનો સ્વાર્થ સિધ્ધ થઇ જાય,જેના કામો પુરાં થયા નથી, એ મિત્રોના સહાયક નથી હોતા.એના કાર્યોને સિધ્ધ કરવાની ચેષ્ટા કરતા નથી, એવા નમકહરામ પુરુષોના મડદાને માંસાહારી જંતુઓ પણ એનું માંસ ખાતા નથી.જેને પોતાનો સ્વાર્થ જ મહત્વનો છે, એવા લોકોને આ ધરતી પર જીવવાનો કોઇ અધિકાર નથી એવું કોઇએ કહ્યું છે.

ડો.કિશોરસિંહ સોલંકી
(સૌ.સંદેશ)


## કાર ભાડે મળશે



લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે



મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭

લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે




# મધ્યસ્થતાથી રામ જન્મભુમિ વિવાદનો ઉકેલ નહી આવી શકે : શિવસેના

શિવસેનાએ કહ્યુ હતું કે રામ જન્મભુમિ એ ભાવનાત્મક મુદ્દો છે અને તેને મધ્યસ્થતાથી ઉકેલી ન શકાય.પાર્ટીએ મોદી સરકારને આ મામલે વટહુકમ લાવવા અને રામ મંદિરનું નિર્માણ શરુ કરવા માટે કહ્યુ હતું. શિવસેનાએ પુછ્યું હતું કે જ્યારે રાજનેતા,શાસક અને સુપ્રીમ કોર્ટ અત્યાર સુધીમાં આ વિવાદ ઉકેલી ના શક્યા તો પછી આ ત્રણ મધ્યસ્થીઓ શું કરશે.ઉલ્લેખનીય છે કે સુપ્રીમ કોર્ટે કોર્ટના પુર્વ ન્યાયાધીશ એફએમ કલીફુલ્લાની અધ્યક્ષતામાં ત્રણ સભ્યોની એક સમિતિની રચના કરી છે. જે અયોધ્યામાં દાયકાઓ જુના રાજકીય રીતે સવેદનશીલ રામ જન્મભુમિ -બાબરી મસ્જીદ ભુમિ વિવાદના સંભવિત ઉકેલની સંભાવના મધ્યસ્થતા દ્વારા શોધવાની કોશીશ કરશે.જેમાં આધ્યાત્મિક ગુરુ અને આર્ટ ઓફ લીવીંગના શ્રીશ્રી રવિશંકર અને વરિષ્ઠ વકીલ શ્રીરામ પંચુ પણ આ સમિતિના સભ્ય તરીકે રહેશે.


## ગ્લોરી કેટરીંગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.

શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ જ્હોન એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

# આંકડાશાસ્ત્રીય સંસ્થાઓમાં હસ્તક્ષેપ કરીને આંકડાઓ સુધારવા અને અહેવાલો દબાવી દેવાની કેન્દ્ર સરકારની પ્રવૃત્તિ સામે ૧૦૮ અર્થશાસ્ત્રીઓનો ઉગ્ર વિરોધ

ભારતમાં આંકડાશાસ્ત્રીય માહિતી પર પ્રભાવ પાડવા માટે વધી રહેલા રાજકીય હસ્તક્ષેપ પર ચિંતા વ્યક્ત કરતાં ૧૦૮ અર્થશાસ્ત્રીઓ અને સમાજશાસ્ત્રીઓએ આંકડાશાસ્ત્રીય સંસ્થાઓના ગૌરવ અને સ્વતંત્રતા પુનઃ સ્થાપિત કરવાની માંગ કરી છે. મોદી સરકાર દ્વારા બેરોજગારી પર એનએસએસઓ અને લેબર બ્યુરોના અહેવાલો દબાવી દેવા પર ચાલી રહેલા વિવાદના સંદર્ભમાં ૧૦૮ અર્થશાસ્ત્રીઓ અને સમાજશાસ્ત્રીઓએ એક સંયુક્ત નિવેદન જારી કર્યુ છે.

અર્થશાસ્ત્રીઓ અને સમાજશાસ્ત્રીઓએ સંયુક્ત નિવેદનમાં જણાવ્યુ હતું કે દાયકાઓથી ભારતની આંકડાશાસ્ત્રીય સંસ્થાઓ વિવિધ આર્થિક માપદંડો પર તેમના દ્વારા જારી થતી માહિતીની સત્યતા માટેની પ્રતિષ્ઠા ધરાવતી હતી.આ સંસ્થાઓની તેના અંદાજોની ગુણવત્તા માટે ઘણીવાર ટીકા થતી હતી પરંતુ તેના અંદાજો અને નિર્ણયો પર પ્રભાવ પાડવા માટે રાજકીય હસ્તક્ષેપના આરોપ ક્યારેય મુકાયા નથી. અર્થશાસ્ત્રીઓ અને સમાજશાસ્ત્રીઓએ તમામ ઇકોનોમિસ્ટ,સ્ટેટિસ્ટિશયન અને સ્વતંત્ર સંશોધકોને અણગમતી માહિતીને દબાવી દેવાની સરકારની પધ્ધતિ સામે અવાજ ઉઠાવવા અપીલ કરી છે.તેમણે જણાવ્યુ છે કે દેશના અર્થશાસ્ત્રીઓ અને આંકડાશાસ્ત્રીઓ જાહેર જનતાને સાચી માહિતી મળી શકે અને આ સંસ્થાઓની સ્વતંત્રતા બહાલ કરવા સરકાર પર દબાણ કરે.

તાજેતરમાં બરોજગારીના રિપોર્ટના મામલે નેશનલ સ્ટેટિસ્ટિકલ કમિશનના ચેરમેનપદેથી રાજીનામું આપનરા પી.સી.મોહનને જણાવ્યુ હતું કે આ સમયસર આવેલો સંદેશો છે અને રાજકીય પક્ષોએ અર્થશાસ્ત્રીઓએ વ્યક્ત કરેલી લાગણી અને ચિંતાઓની નોંધ લેવી જોઇએ.

સરકારના હસ્તક્ષેપ સામે અવાજ ઉઠાવનાર બુધ્ધિજીવીઓમાં રાકેશ બસંત(આઇઆઇએમ-અમદાવાદ),જેમ્સ બોઇસ(મેસેચ્યુસેટ્સ યુની.અમેરિકા),ઇમિલી બ્રેઝા(હાવર્ડ યુની. અમેરીકા),સતિશ દેશપાંડ(દિલ્હી યુની.),પેટ્રીક ફ્રાન્કોઇસ( બ્રિટીશ કોલેમ્બીયા યુની.),આર.રમાકુમાર(ટીઆઇએસએસ,મુંબઇ),હેમા સ્વામીનાથન(આઇઆઇએમ-બેંગલુર),રોહિત આઝાદ(જેએનયુ, દિલ્હી) સામેલ છે.

# ન્યુઝીલેન્ડની બે મસ્જીદમાં ઓસ્ટ્રેલીયન જમણેરી પાંખના આતંકવાદીએ કરેલા ગોળીબારમાં ૪૯લોકોના મોત નિપજ્યા

ન્યુઝીલેન્ડના અતિ શાંતિપ્રિય શહેર ક્રાઇસ્ટ ચર્ચ શહેરમાં શુક્રવારની બપોરની નમાજ વેળાએ ઓસ્ટ્રેલીય કટ્ટરવાદી અને તેના સાથીઓએ બે મસ્જિદ પર કરેલા હુમલામાં ઓછામાં ઓછા ૪૯ લોકો માર્યા ગયા હતા અને ૨૦ ને ઇજા પહોચી હતી.ન્યુઝીલેન્ડના વડાપ્રધાન જેસિન્ડા આર્ડને આ ગોઝારા શુક્રવારને ન્યુઝીલેન્ડના ઇતિહાસમાં સૌથી કાળો દિવસ પૈકીનો એક ગણાવ્યો હતો.

બે મસ્જીદમાં કરાયેલા બેફામ ગોળીબારમાં ૪૯ લોકોએ જીવ ગુમાવ્યા હતા.અને ૨૦ થી વધુને ઇજા પહોચી હતી.ક્રાઇસ્ટ ચર્ચ ખાતેની નુર મસ્જીદમાં ૧૦ અને લિનવુડ મસ્જીદમાં ૩૦ લોકોને ગોળીથી ઠાર મારવામાં આવ્યા હતા.ન્યુઝીલેન્ડની પોલીસે આ ગોળીબારમાં માટે સંડોવાયેલા એક મહિલા સહિત ચાર વ્યક્તિઓની અટકાયત કરી હતી.આ એક આતંકવાદી હુમલો હતો.સેનાના ગણવેશમાં ઓટોમેટીક રાઇફલ સાથે ઘસી આવેલા હુમલાખોરે અંધાધુંધ ગોળીબાર કર્યા હતા.જેના પગલે ભારે નાસભાગ મચી ગઇ હતી.પોલીસને કારોની સાથે આઇઇડી સાથેના સંખ્યાબંધ વિસ્ફોટો પણ મળી આવ્યા હતા.જેને પોલીસે નિષ્ક્રિય બનાવ્યા હતા. બોંબ પણ મળી આવ્યા હતા જેને બોંબ સ્કોવર્ડે નિષ્ક્રિય બનાવ્યો હતો.

ન્યુઝીલેન્ડના આ આતંકી હુમલામાં સુરત જિલ્લાના બે વ્યક્તિઓના મોત નિપજ્યા હતા. તે પૈકી લુહારાના રહેવાસી હાફીઝ મુસા પટેલ મસ્જીદમાં મૌલવી તરીકે સેવા આપતા હતા.આમ કુલ પાંચ ગુજરાતીઓના મોત નિપજ્યા છે.ગુજરાત સરકાર તરફથી ન્યુઝિલેન્ડ જવા માંગતા પરિવારોને સરકાર વિઝા મેળવવા માટે મદદ કરશે.

# લોકપાલ માટે આંદોલન કરનારા અણ્ણા હજારેની આખરે જીત : લોકપાદ પદ માટે નિયુક્તિ સરકાર નક્કી કરી



સુપ્રીમ કોર્ટના પુર્વ જજ પિનાકીન ઘોષ દેશના પ્રથમ લોકપાલ બનવાના છે. લોકપાલના મુદ્દે સંકળાયેલા એક અધિકારીએ જણાવ્યુ હતું કે આ મામલે અધિકૃત ઘોષણા થવાની બાકી છે પરંતુ વડાપ્રધાન મોદી,અધ્યક્ષ સુમિત્રા મહાજન,મુખ્ય ન્યાયાધીશ રંજન ગોગોઇ અને એડવોકેટ મુકુલ રોહતગીના નેતૃત્વવાળી પસંદગી સમિતિએ પી.સી.ઘોષના નામ પર મહોર લગાવી છે.

લોકપાલ માટે બનાવાયેલી સમિતિમાં લોકપાલ માટે ૧૦ નામોની પસંદગી કરાઇ હતી. જેમાં જસ્ટીસ ઘોષનું નામ પણ સામેલ હતું.મે ૨૦૧૭માં સુપ્રીમ કોર્ટમાંથી સેવા નિવૃત થયા પછી જસ્ટીસ ઘોષે રાષ્ટ્રીય માનવધિકાર પંચમાં સેવા આપી હતી.

# પુર્વોત્તરના રાજ્યોને વિશેષ દરજ્જો અપાશે : રાહુલ ગાંધી

કોગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ કહ્યુ હતું કે અમારી પાર્ટી સત્તામાં આવશે તો અરુણાચલને અને અન્ય પુર્વોત્તરના રાજ્યોને વિશેષ દરજ્જો આપશે. રાહુલ ગાંધીએ કહ્યુ હતું કે અહીંયા ચુંટણી રેલીને સંબોધિત કરતાં કહ્યુ હતું કે દેશના કેટલાક રાજ્યો છે જેમને કનેકટીવીટી, ભુગોળની સ્થિતિ જેવી અને ખાસ સમસ્યા અને કઠિનાઇના કારણે વિશેષ રાજ્યના દરજ્જાની જરુર છે. તેમણે કહ્યુ હતું કે કેન્દ્રમાં કોગ્રેસના શાશન દરમિયાન અરુણાચલ પ્રદેશ અને અન્ય પુર્વોત્તર રાજ્યો વિશેષ દરજ્જાનો લાભ ઉઠાવતાં હતા.કોગ્રેસના હ્રદયમાં અરુણાચલનું વિશેષ સ્થાન છે.અમે લોકો સાથે દિલનો સબંધ રાખવા ઇચ્છીશું.

# લાંબી માંદગી બાદ ગોવાના મુખ્યમંત્રી અને પુર્વ રક્ષામંત્રી મનોહર પારિકરનું નિધન

ભાજપના દિગ્ગજ નેતા,પુર્વ સંરક્ષણ મંત્રી અને ગોવાના મુખ્યમંત્રી મનોહર પારિકરનું લાંબી માંદગી બાદ નિધન થયું હતું.કેન્દ્ર સરકારે તેમના માનમાં એકદિવસનો રાષ્ટ્રીય શોક જાહેર કર્યો હતો.તેઓ લાંબા સમયથી સ્વાદપીડુંના કેન્સરથી પીડાતા હતા અને દેશ વિદેશમાં સારવાર લઇ ચુક્યા હતા પરંતુ તેનાથી તેમને નહિવત ફાયદો થયો હતો. આખરે તેમણે પોતાનુ જીવન સંકેલી લીધું હતું.તેઓ ચાર વખત ગોવાના મુખ્યમંત્રી બન્યા હતા.કોગ્રેસની બહુમતી હોવા છતાં બીજેપીએ સરકાર રચીને તેને સંભાળી રાખવાની જવાબદારી પારિકરના માથે હતી તે તેમણે મોત પર્યત બેખુબીથી નિભાવી હતી. તેમના જવાથી ગોવાના રાજકારણમાં ભાજપ માટે એક સંનિષ્ટ અને દિગ્ગજ નેતાની ખોટ પડી છે.

# ચુંટણી પંચે મતદાન પુર્વેના ૪૮ કલાકમાં ઢંઢેરો જારી નહીં કરવાનો,તેને આચાર સંહિતાનો એક ભાગ બનાવી દેવાયો

ચુંટણી પંચે લોકસભાની ચુંટણી અગાઉ રાજકીય પક્ષોને આકરો આંચકો આપ્યો છે.તેણે સ્પષ્ટ કર્યુ છે કે કોઇ પણ રાજકીય પક્ષ મતદાનના ૪૮ કલાક અગાઉ ચુંટણી ઢંઢેરો બહાર નહી પાડી શકે. ચુંટણી પંચે હવે ચુંટણી ઢંઢેરાઓ જારી કરવાને આચારસહિતાનો એક ભાગ બનાવી દીધો છે. આમ, હવે ચુંટણીની જાહેરાત બાદ પક્ષોએ આ નિયમોનું પાલન પણ કરવું પડશે. હવે ચુંટણી પ્રચાર થમી જવાની સાથે જ ઢંઢેરો જારી કરવાનું પણ અટકી જશે.

આચારસંહિતાના સુધારેલા કોડમાં હવે દર્શાવવામાં આવ્યું છે કે એક તબક્કાની ચુંટણીમાં રિપ્રેઝેન્ટેશન ઓફ ધ પીપલ્સ એક્ટ ૧૯૫૧ની કલમ ૧૨૬ હેઠળ નક્કી કરાયા મુજબ પ્રતિબંધિત સમયમાં ઢંઢેરા જારી નહીં કરાય.જો અનેક તબક્કામાં ચુંટણી થાય તો ઢંઢેરા પ્રતિબંધિત સમયગાળા દરમિયાન પણ જારી ન કરી શકાય. એ પણ આરપી એક્ટની કલમ ૧૨૬ હેઠળ નિયત છે. આ ચુંટણીના તમામ તબક્કામાં આ નિયમ લાગુ પડશે.

કાયદાની કલમ ૧૨૬માં ઇલેકશન સાઇલન્સ ની જોગવાઇ છે. જેમાં મતદાન અગાઉ ૪૮ કલાકમાં કોઇપણ પ્રકારના ચુંટણી પ્રચાર પર પ્રતિબંધ મુકાયો છે.હાલના તબક્કે ઢંઢેરા રજુ કરવાના સમય અંગે કોઇ નિયન ન હતો.

૨૦૧૪માં ભાજપે લોકસભાના પહેલા તબક્કાની ચુંટણીના દિવસેજ ઢંઢેરો બહાર પાડ્યો હતો.આનાથી મતદારોને અસર પડશે તેવી કોગ્રેસે ચુંટણી પંચમાં ફરિયાદ પણ કરી હતી.તે વખતે કાયદો નહી હોવાથી કશું થઇ શક્યું નહોતું.

## જાણવા જેવું

બેલ્જીયમનો ત્રણ માસનો સૌથી નાનો સેનાપતિ ડ્યુક ગોડફે ત્રીજો ઇતિહાસમાં ધી ફ્રેડલ ડ્યુક ના નામથી ઓળખાય છે.આ બાળ સેનાપતિ ઘોડીયામાં સુવાડીને યુધ્ધના મોરચે લઇ જવાતો હતો.


★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૨૫૩૮૩૩૨૨



જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક

9825169386



AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344,

(R)0091-2692-260332

# સોશ્યલ મીડીયા પર પ્રચાર પણ ચુંટણી ખર્ચમાં ગણી લેવાશે

ભારતમાં ૨૦૧૯ની લોકસભાની ચુંટણીની તારીખો જાહેર થઇ છે.આ સાથે જ આચાર સંહિતા પણ લાગુ થઇ ગઇ છે.જેમાં આ વખતે સોશ્યલ મીડીયાના ઉપયોગ અંગે પણ લગામ મુકવાનું ચુંટણીપંચે નક્કી કર્યુ છે.અગાઉ ૨૦૧૪માં સોશ્યલ મીડીયા ગેમ ચેન્જર સાબિત થયું હતું. આ વખતની સામાન્ય ચુંટણીમાં ચુંટણી પંચ આ મામલે સજ્જ છે. અને સોશ્યલ મીડીયા પર રાજકીય પક્ષોને પ્રચારનો લાભ લેવા અંગે મર્યાદા મુકી છે. સામાન્ય ચુંટણીઓની તારીખો જાહેર કરતાં મુખ્ય ચુંટણી કમિશ્નર સુનિલ અરોરાએ કહ્યુ હતું કે ચુંટણીપંચ દ્વારા ઓનલાઇન પ્રચાર પર નજર રાખવામાં આવશે.તેમણે કહ્યુ હતું કે સોશ્યલ મીડીયા પર રાજકીય જાહેરાતો અંગે પ્રિ-સર્ટીફીકેશન અનિવાર્ય બનશે. આ જાહેરાતો પાર્ટીના ચુંટણી ખર્ચનો હિસ્સો પણ ગણાશે.

અરોરાએ કહ્યુ હતું કે સોશ્યલ મીડીયા પ્લેટફોર્મ્સ જેમકે ગુગલ,ફેસબુક, યુટ્યુબ અને ટ્વીટરમાં તમામ રાજકીય જાહેરાતો સર્ટીફાઇડ કરાશે. આ પ્લેટફોર્મ તેમના પ્લેટફોર્મ પર રાજકી જાહેરાતોને હાઇલાઇટ કરી શકશે.જ્યારે ફેસબુક અને ગુગલે । માટે સમર્પિત ગ્રિએવન્સ ઓફિસરની નિમણુંક કરી છે કે જેથી ચુંટણી પંચની માર્ગદર્શિકાનું ક્યાંય ઉલ્લંઘન થાય તો તેના માટે કાર્યવાહી કરી શકાય. અરોરાએ કહ્યુ હતું કે સોશ્યલ મીડીયા એક્સપર્ટ મીડીયા સર્ટીફીકેશન અને મોનિટરીંગ કમિટીનો હિસ્સો બનશે.

# ૨૦૧૪માં ભાજપે સરકાર બનાવી હતી હવે સરકાર એનડીએ બનાવશે

કેન્દ્ર અને મહારાષ્ટ્રમાં ભાજપની સહયોગી પાર્ટી શિવસેનાએ વરિષ્ઠ નેતા સંજય રાઉતે કહ્યુ હતું કે ૨૦૧૪માં ભાજપની સરકાર બની હતી જ્યારે આગામી સરકાર હવે એનડીએની બનશે.

શિવસેનાના રાજ્યસભાના સાંસદ સંજય રાઉતે એક વેબ પોર્ટલના કાર્યક્રમમાં જણાવ્યુ હતું કે ૨૦૧૪માં રાજકીયપરિસ્થિતિમાં ફેરફાર અંગે ધારણા રજુ કરી હતી અને પુર્વાનુમાન જાહેર કરી રહ્યો છું તેવું જણાવ્યું હતું. રાઉતે કહ્યું હતું કે ભાજપને આગામી લોકસભામાં ચુંટણીમાં લગભગ ૨૧૦ સીટ મળવાનો અંદાઝ છે. જ્યારે એનડીએને લગભગ ૩૦૦ સીટ મળશે. ભાજપની સૌથી જુની સહયોગી પાર્ટી શિવસેનાના નૈતા રાઉતે કહ્યુ કે હજુ ભાજપમાં વડાપ્રધાન મોદીનો કોઇ વિકલ્પ દેખાઇ રહ્યો નથી. પરંતુ જો ભાજપ ૨૦૦થી ઓછી સીટ મેળવે છે તો આગામી વડાપ્રધાનનું નામ નક્કી કરવામાં એનડીએના સાથી દળોન ભુમિકા મહત્વની રહેશે.રાઉતે કહ્યુ હતું કે સાડા ત્રણ વર્ષમાં કે કહ્યું દતું કે ૨૦૧૪માં દેશની પરિસ્થિતિ અને ૨૦૧૯ની પરિસ્થિતિમાં ફર્ક



છે.તેમણે કહ્યું હતું કે હવે લોકો સ્થિર સરકાર ઇચ્છે છે.

---

૧૯૨૭માં આવેલી સાઇલેન્ટ ફિલ્મ મેટ્રોપોલીનના પોસ્ટરની ૨૦૦૫માં હરાજી કરવામાં આવેલી તેમાં તેના ૬૯ કરોડ રૂપીયા ઉપજ્યા હતા. આ ફિલ્મના પ્રમોશન માટે માત્ર ૪ પોસ્ટર જ તૈયાર કરવામાં આવ્યા હતા.

# ગરીબી-ઉન્મુલનની વાતો કરી, છતાં ઘટી નથી

દેશમાં હાલની પ્રવર્તમાન પરિસ્થિતિમાં ગરીબ સમાજ અને સરકારી પગલાંઓ વિશે વાત કરી. પંડિત નહેરુના સમયથી અત્યાર સુધીનો ટુંકો ઇતિહાસ જોયો. રોટી,કપડાં ઔર મકાન અને ગરીબી હટાવોવાળા અર્થતંત્રમાંથી બહાર આવીને આપણે આર્થિક ઉદારીકરણની દિશા પકડી છે.પ્રારંભ સારો હતો, પણ પછી વૈશ્વિક અર્થતંત્ર સાથે જોડાઇ જતાં વિવિધ પ્રશ્નો આપણી સમક્ષ આવ્યા અને ગરીબી અને ગરીબીની વાત કરીએ ત્યારે કેટલીક વાતો ખાસ નોંધ માગી લે છે.આપણે દેશને જાણે ઇન્ડીયા અને ભારત એમ બે વિભાગમાં વહેચી દીધો છે.જે વિકસિત,સુધરેલું,ચમકદમવાળું દેખાય છે તે દેશનું નામ ઇન્ડીયા છે અને ગંદકી,અભાવ,ભિક્ષુકોના ટોળા, ઝુંપડપટ્ટીઓ, ગંદા ગોબરા ફરતા લોકો,રાશનની ,રેલ્વે કે બસના પાસ કઢાવવાની કે એ પ્રકારની લાઇનોમાં ઉભુ રહેવું તે ભારત છે.જે કડકડાટ અંગ્રેજી બોલે છે તે ધનવાન ઇન્ડીયા છે.જે ગામઠી બોલી ,શૈલી અને રહેણી કરણીમાં છે તે ગરીબ ભારત છે. સુટેડ બુટેડ ધનવાન ઇન્ડીયા છે, ફાળિયુ,પાઘડી,ટોપી ધોતીયું, એ ગરીબ ભારત છે.આવી બધી વિભાવનાઓ વચ્ચે પણ એક હકીકત છે કે સંયુક્ત રાષ્ટ્રસંઘના અંદાજ મુજબ દુનિયાના ૨૫ ટકા ગરીબો અને કુપોષણના શિકાર બનેલા એવા લોકો ભારતમાં વસે છે.

દેશમાં ૬૫ વર્ષોમાં જેટલી સરકારો આવી તે બધી સરકારોએ ગરીબી ઉન્મુલનની વાતો કરી. તેને માટે જુદા જુદા કાર્યક્રમો આપ્યા અને છતાં પણ દેશમાંથી ગરીબી હટી નથી.કુપોષણ ગયું નથી.જે ખેડુત જાતે મજુરી કરીને અનાજ પકવે છે તે આપઘાત કરવા કેમ પ્રેરાય ? તે ખેડુત જ સૌથી વધુ કુપોષણનો શિકાર કેમ ?આવા પ્રશ્નોના જવાબ એ છે કે , ખેડુત અનાજ પકવે છે તે જાતે પોષ્ટીક ખોરાક નથી ખાઇ શકતો.તેના કુટુંબને નથી ખવડાવી શકતો.પોતાના બાળકોને ભણાવી નથી શકતો.

ગરીબી ખરેખર હટાવવાનો ઉપાય એ છે કે જે તે ગરીબને તે પોતાનું તથા પોતાના કુટુંબનું ભરણપોષણ કરી શકે તેવા કામમં જોતરવો.તેને આધાર કાર્ડના આધારે સીધી રોકડ સબસીડી આપવાથી,વરસમાં ૧૦૦ દિવસની રોજગારીની ગેરંટી આપવાથી કે ૩૫ કીલો અનાજ આપી દેવાથી ગરીબી દુર થઇ શકે તે વાતમાં માલ નથી.આ રીતે ગરીબીને લાંબાગાળા સુધી ટકાવી શકાય ખરી, જેમ આપણે દેશમાં આઝાદી પછી કરતાં આવ્યા છીએ અને હજુ પણ કરી રહ્યા છીએ.અર્થશાસ્ત્રના એક સિધ્ધાંતમાં ખાડા ખોદાવીને ખાડા ભરાવતા રહેવાની વાત આવે ચે. આ કળામાં આપણે નિષ્ણાંત છીએ. ખાડા ખોદાવતા રહીએ છીએ અને ખાડા ભરાવતા રહીએ છીએ. પરંતુ ગરીબના પેટના ખાડા ભરી નથી શકાતા.

જે સહેલાઇથી તોને બીડી,તમાકુ,દારુ વગેરે મળે છે તે સહેલાઇથી તેને દુધ,ઘી,અનાજ મળતું નથી.પ્રામાણિક અને ઉત્પાદક કામ મળતું નથી.પૌરાણિક હિન્દુ સંસ્કૃતિમાં ગૌપાલનનું મહત્વ અંકાયેલુ છે.ગરીબ ખેડુતને કેશ સબસીડીને બદલે દુધાળુ જનાવર આપવામાં આવે તો તેમાંથી જે અર્થશાસ્ત્ર નીપજે તે ગરીબી દુર કરવામાં મદદ કરી શકે.

કતલખાનાના ઉદ્યોગ માટે સબસીડીઓ અને રાહતો આપતાં આપણે એક મુદ્દાની જે વાત ભુલી જઇએ છીએ તે એ કે દુધ રોજિંદો ખોરાક છે. પૌષ્ટિક પણ છે . દુધાળું ગાય કે ભેસ દિવસમાં જેટલું દુધ આપે તેમાંથી ઘર વપરાશનું કાઢી લઇને જે તે દુધાળું પ્રાણીનો માલિક સહકારી મંડળીને,ડેરીને કે બજારમાં વેચી રોજગારી ઉભી કરે. આ રીતે તે સ્વાવલંબી બને.પગભર થાય અને ઉત્પાદક બને. ખેતીઅને પશુ પાલન આમ પરંપરાગત રીતે આપણા અર્થશાસ્ત્રના મુખ્ય અંગ રહ્યાં છે.તેની ઉપર યોગ્ય ધ્યાન આપવામાં આવે તો ગરીબી અને રોજગારીની સમસ્યામાંથી વહેલો છુટકારો થાય.

ઉતાવળે લેવાતાં પગલાં પાછળ રાજકીય લાભ ખાટવાની મંછા હોય એ સ્વાભાવિક છે. પરંતુ અર્થશાસ્ત્રીઓ અને સરકારો, અમલદારો અને વ્યવસ્થાપકો વિચારે ભલે બંધ ઓરડામાં, પણ તે પહેલાં બહાર નીકળીને એકવાર ખુલ્લી આંખે વાસ્તવિકતા પણ જોઇ લે.આપણે જે પ્રગતિની, વિકાસની કે વૃધ્ધિની વાત કરી રહ્યા છીએ ત્યારે આપણે જાણીએ છીએ ખરા કે આપણે જાહેર જીવનને સ્પર્શતી કેટલીક બાબતોમાં બેન્ચ માર્ક સ્થાપિત કર્યા છે.કેટલી બાબતોમાં સ્ટાન્ડર્ડાઇઝેશન કર્યુ છે.આપણી પાસે રસ્તા ઉપર બંમ્પ બનાવવાનું કોઇ ગણિત છે ?ઓવરબ્રીજ ઉપર પણ ટ્રાફિક પોઇન્ટ મુકવા પડે તેવું આયોજન દુનિયામાં ક્યાંય જોયું છે. દોઢસો કીલોમીટરના હાઇવે પર ત્રણ ત્રણ વાર,ચાર ચાર વાર ટોલટેક્ષ બુથ આવે ખરાં ? શહેરની વચ્ચોવચની આખી રેલ્વે લાઇન જાહેર શૌચાલયમાં હોય , ગમે ત્યાં થુંકવા, પેશાબ ફૂટી કરવા, ગાડી સ્કુટરો આડેઘડ ઉભા કરવાની છુટ હોય, રેલ્વે પ્લેટફોર્મ અને બાગ બગીચા દારુડીયા જુગારીઓ અને લફરાબાજોના અડ્ડા હોય.શિક્ષણશાસ્ત્રીઓને લાઇબ્રેરીની નહી, પણ સ્વીમીગ પુલોમાં ધુબાકા મારવા હોય, સ્કુલ કોલેજોને દુકાનોની જેમ ચલાવવી હોય,દવાખાનાઓમાં દવા અને ડોકરો સિવાય બધું જ હોય. ડીઝાસ્ટર મેનેજમેન્ટવાળાઓને ડીઝાસ્ટર અને અકસ્માત વચ્ચેનો ભેદ ખબર ન હોય. ગોદામોમાં અનાજ સડતું હોય.જંતુનાશકો સોફ્ટ ડ્રિંકસ અને મધ્યાય ભોજનમાં ભેળવાતાં હોય, પુલો ઇમારતો અડધી પડધી બની હોય ન બની હોય ત્યાં ધબાય નમઃ થઇ જાય. આપણી સાચી ગરીબી આ છે.આ ગરીબી દુર કરવાના પગલાં લેવાશ ત્યારે ગાંધીજીએ કહેલા છેવાડાના માણસને આપણે ધ્યાને લીધેલો કહેવાશે. આવી ગરીબી જ્યારે દુર થશે ત્યારે આપણે

અનુ પાન નં ૨ ઉપર


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઇન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

**જય ક્રિશ્ચિયન**

૧૩,સહયોગ પાર્ક-૧ ,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૮૯

૯૮૨૪૩૬૨૪૬૨

**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

**વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.**

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.